# માતાજી ની સ્તુતિ વંદના

હે જગજનની હે જગદંબા, માત ભવાની શરણે લેજે
આદ્યશક્તિ તું આદિ અનાદિ, અરજી અંબા ઉરમાં ધરજો... હે

હોય મેરુ સરખું દુઃખ મુજને, રંજ એનો થવા ના દેજે
રજ સરખું દુઃખ જોઈ બીજાનું, રોવાના બે આંસુ દેજે... હે

આત્મા કોઈનો આનંદ પામે, ભલે સંતાપી મુજ આત્માને
આનંદ એનો અખંડ રહેજો, કંટક દે મને પુષ્પો એને... હે

ધૂપ બનીને સુગંધ દેજે, રાખ બનીને ઉડી જવા દેજે
બળું ભલે પણ બાળુના કોઈને, જીવન સુગંધિત મારુ કરજે... હે

કોઈના તીર નું નિશાન બનીને, દિલ મારુ વિંધાવા દેજે
ઘા સહીને ઘા કરું ના કોઈને, ઘાયલ થઈ પડી રહેવા દેજે...હે

www.gujaratsahay.com

અમૃત મળે કે ન મળે મુજને, આશિષ અમૃતમય તું દેજે
ઝેર જીવનના પી હું જાણું, પચાવવાની શક્તિ તું દેજે... હે

દેજે શક્તિ, દેજે ભક્તિ, દુનિયાના દુ:ખો સહેવાને,
દુર્લભ શાંતિ તારા ચરણે, માઁ મને તું ખોળે લેજે... હે



www.gujaratsahay.com